# PRELIMINARY EXMINATION – 2019
## Std : 12th Sub : Gujarati (SL)
## (Answer key)
## (વિભાગ – A )

**Date : 04/02/2018** **Marks : 100**

**(08)**

Ans.1) ગંગાસતી માનવ સ્વભાવના કામ, ક્રોધ, આશા, ઈચ્છા, અપેક્ષા,તૃષ્ણા, અભિમાન, દુર્જનનો સંગ, ભેવભાવ, અપવિત્રતા વગેરે જેવા દુર્ગણો જણાવે છે અને આ દુર્ગુણોને જીવનમાંથી દૂર કરીને જેમ કે ક્રોધને અંતરમાંથી દૂર કરીને બધાને સમાન રીતે જોઈને, કોઈનો વિરોધ ન કરવો, જીવનને પવિત્ર કરવું, કામના ઈચ્છાઓને જીતીને , અંતરમાં વૈરાગ રાખીને, વૈભવ પ્રત્યે અનાસકત થઈને દુર્જનનો સંગ છોડીને, આ લોકોને પરલોકની આશા છોડીને અભ્યાસ ઈશ્વરમાં ધ્યાન રાખીને અંતરનું અભિમાન મૂકીને અને ગુરૂનું વચન માનીને આ દુર્ગણોને દૂર કરી શકાય છે એમ ગંગાસતી જણાવે છે.

Ans.2) આ લોકગીતમાં નાયક–નાયિકા સમાન હકદાર અને સ્વંત્રય એવા સહજીવી–શ્રમજીવી છે. નાયક નાયિકાનું દામપત્ય તો પ્રસન્ન સભર છે પણ એમાં નાયિકાનો ખૂબ ફાળો છે. પતિ પુરૂષ સહજ અહમ્‌વાળો છે જયારે પત્ની સ્ત્રી સહજ લાગણી અને સહનશકિતવાળી છે. પત્ની પોતાના ઘરની પરિસ્થિતિ સમજે છે માટે ફટાફટ કામ પતાવી તે પતિને મજૂરી કામમાં મદદ કરવા લાગે છે. અને પતિ કરતાં પણ વધારે કામ કરી વધારે કામ કરી વધારે મજૂરી મેળવે છે એમાં એની પોતાના ઘર પ્રત્યેની જવાબદારી દેખાય છે અને પતિ પ્રત્યેનો પ્રેમ દેખાય છે. જયારે પતિ પોતાને મદદ કરનાર પત્નીની પ્રશંસા કરવાને બદલે તેની ઈર્ષા કરે છે. એમાં પુરૂષ સહજ અહ્‌મ દેખાય છે. તેમ છતાંય પત્ની પતિનો કોઈ દોષ જોતી નથી. તેમાં તેની ઉજજવળ દાંપત્ય ભાવના જોવા મળે છે. એક ભારતીય નારી પોતાના ઘર અને પતિ પ્રત્યે કેટલી વફાદારી ધરાવે છે. એ સર્વ એમાં દેખાય છે.

**અથવા**

Ans.2) ' હંકારી જા ' કાવ્યમાં પ્રભુદર્શનની તીવ્ર ઝંખના સેવતા ભકત હૃદયની ઉત્સુકતા અતિ લાઘવ સાથે રજૂ થઈ છે. કવિ પ્રભુને કહે છે કે મારી બંસીમાં તું તારા બે બોલ વગાડી જા, મારી વીણામાં તું વાણી જગાડી જા, તું ઝરમર વરસતાં વરસાદના ઝાંઝર પહેરીને મારા જીવનમાં તું પધાર. મારા કામના કમાડ ઢંઢોળીને તું મને જાગૃત કર એમ ઈશ્વરને કવિ કહે છે. ભકત હૃદય ભૂખી શબરી જેવું છે. શબરી રામ દર્શનની ભૂખી હતી. બોર અર્પણ કરીને એણે દર્શનની ક્ષુધા સંતોષી ભોગને ત્યાગી યોગને પામી. આ સંસાર સાગરને ઘાટે અદંના દોરડાથી આ ક્ષુદ્ર અસ્તિત્વની નૌકા બંધાયેલી છે. કવિને ઘાટની સંતોષ નથી, એકને કિનારાથી છૂટી સાગરના સેરે હિલોળવું છે. પરમતત્વને પામવું છે. એટલે જ કવિના મનના માલિક એવા બંસીઘરને કિનારે લાંગરેલી હોડીને સાગરના સેરે ઉતારી જવા વિનવે છે. કવિ પ્રભુને પામવા ઈચ્છે છે. કવિ મનના માલિક એવા બંસીધરને પોતાની સંસારરૂપી હોડીને સાગરમાં લઈ જવા વિનંતી કરે છે. આમ, કવિ આ કાવ્યમાં ઈશ્વરને પોતાની નૌકાને ભવસાગર પાર ઉતારવા વિનંતી કરે છે.

**(06)**

Ans.3) કવિ એકલતામાં અકળામણ અનુભવે છે અને આ એકલતા શબ્દ તેમને વધારે અકળાવી મુકે છે. ઘણાં બધાં માણસો હોવા છતાં જયારે પોતાનું કહી શકાય તેવું કોઈ ન મળે ને એકલા પડી જવાય છે. ત્યારે આ એકલતા કવિને અકળાવી મૂકે છે.

Ans.4) દયારામ ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારે છે. કારણ કે જીવનભર ખોટા કામ કરનાર નકટા, લોભી, લાલચું અને ચંચળ એવા પુરૂષો પણ જો ઈશ્વરને શરણે જાય તો પ્રભુ શ્રધ્ધાંનું ફળ આપે છે તો પોતે તો જીવનભર પ્રભુની ભકિત કરી છે. માટે પ્રભુ પોતાની પર જરૂર કૃપા કરશે એમ વિચારી તેઓ તેની શરણાગતિ સ્વીકારે છે.

**અથવા**

Ans.4) નગરમાં બધી જ બારીઓ હંમેશા બંધ રખાય છે. અને આગળના બારણે હંમેશા તાળું મારેલું રખાય છે. ઘરમાં એની એ જ હવા ગોળગોળ ફર્યા કરે છે. અહીં બારણે રંગોળી નથી, ત્રણ દિવસનું વાસી ખાવાનું ખવાય છે. રસોઈની સુગંધ આખો દિવસ ઘરમાં જ ફર્યા કરે છે, આવું બંધિયાર પણું બાને ગમતું નથી, ખૂબ સતાવે છે.

**(04)**

Ans.5) ઝાડની ડાળી પર મધપૂડા રહેલા છે. અને તેને હલાવતા મધપૂડા ઊડીને અંકૂર અન કૂંપળ પર બણબણી રહે છે.

Ans.6) વડલો પંખીઓને કોકદી આવીને પોતાની રાખ ઉપર ટહૂકી જવા કહે છે.

**અથવા**

Ans.6) ' વતનનો તલસાટ' કાવ્યમાં કવિ વતનની ઝંખના કરે છે.

**(02)**

Ans.7) દયારામનું ગરબી સાહિત્ય ખૂબ જાણીતું છે.

Ans.8) નટવરલાલ કુબેરદાસ પંડયા (ઉશનસ્)

Ans.9) વડલો ને પંખીડાં

Ans.10) બેટા, મને પાછી જવા દે.

**(08)**

## (વિભાગ – B )

Ans.11) અખો વ્યવસાયે સોની હતો. અને તેનામાં પ્રામાણિકતાના ગુણો હતાં. તે બાદશાહની ટંકશાળમાં અધિકારી હતો. ત્યાં પણ તે પોતાની નોકરી ખૂબ જ ખંત, નિષ્ઠા અને ઈમાનદારીથી કરતો હતો. લાલદાસ શેઠ જે વાતે પણ અખામાં ભારોભાર વિશ્વાસ હતો. અખાને મા માયાનું નહિ પણ લાગણીના સંબંધોનું મહત્વ હતું. બાદશાહની ટંકશાળ હોય કે સોનીનો વ્યવસાય અખો દરેક જગ્યાએ ચોકસાઈ અને પ્રામાણિકતાથી કાર્ય કરતો હતો. તેમાં તેનું ઉદાત્ત વ્યકિતત્વ દેખાય છે.

અખાએ તેની પાડોશી જમનાને ધર્મની બહેન માનેલી અખાને સગી બહેન કરતાં પણ વિશેષ સ્નેહ તેના પ્રત્યે હતો. જમના સંસારમાં એકલી છે. એને અખા પ્રત્યે વિશ્વાસ હોવાથી એ પોતાની જીવનની મૂડી એવા ત્રણસો રૂપિયા અખાને સાચવવા આપે છે. એમાં અખાની ઈમાનદારીના દર્શન થાય છે.

સમય જતાં જમનાને ખબર નહિ કેમ અખા પર અવિશ્વાસ આવે છે. પોતાના ત્રણસો રૂપિયા કંઠીને બહાને લઈ લેવાનો એ મનસૂબો કરે છે. અખાએ તો જમનાને પોતાની સગી બહેન માની હોવાથી તેમાં ગાંઠના સો રૂપિયા ઉમેરીને સરસ કંઠી બનાવી આપી પણ જમનાને વિશ્વાસ આવતો નથી અને એટલે તે બીજા ચોકસીને ત્યાં એની કિંમત કરાવે છે. અને તયારે ખબર પડે છે. અખાએ તો અમાં વધારે સોનુ નાખ્યું છે. ત્યારે જમનાને

અખા પર અવિશ્વાસ કરવા બદલ પસ્તાવો થાય છે. અખાના નિઃસ્વાર્થ ભાવનાનો પોતે આવો બદલો વાળ્યો એનું એને ખૂબ જ દુઃખ થાય છે, અખાને પોતે શું મોં બતાવશે એમ વિચારીને ખૂબ જ વ્યથા અનુભવે છે.અખાને આ સર્વ હકીકત જણાવી તે તેની માફી માગે છે. અખો તેને માફ કરી દે છે. ટંકશાળની ઈમાનદારી ભરેલી નોકરીમાંથી એનું મન ઉઠી જાય છે. એની ઉપર હલકી ધાતુ ભેળવવાનો આરોપ મળે છે. પોતાની બધી મિલ્કત લાલદાસને સહારે અને જમનાને આપીને અખો ઈશ્વરરૂપી જહાજે ચડે છે.

Ans.12) સોક્રેટીસનું જીવન સાદગીપૂર્ણ હતું. તે બે જ કપડા પહેરતો. ફાટે ત્યારે સીવીને કે થીગડું મારીનેય તે વાપરતો. જોડા તેણે કદી પહેર્યા ન હતા. શરીરને સશકત અને મજબૂત રાખવા તે બહુ કાળજી રાખતો, સારું મજબૂત શરીર હોય તો પોતાની તેમજ લોકોની સેવા બરાબર થઈ શકે એમ તે માનતો. તે ખૂબ મિતાહારી હતો. તે કહેતો કે લોકો રસોઈને સ્વાદિષ્ટ કરવા એમાં મસાલા નાખે છે. હું કકડીને લાગેલી ભૂખને મસાલા તરીકે વાપરું છું. બીજા સૌ ખાવા માટે જીવે છે પણ તે જીવવા માટે જ ખાતો હતો.

આચાર અને વિચારમાં પણ તે ઘણો પવિત્ર હતો અને સદાચારી સાધુપુરુષ તરીકે તેની નામના હતી. એથેન્સાવાસીઓ જાત મહેનત ને હલકી ગણતા અને કામકાજમાં ભાગ લેવો એને જ આબરૂદાર માણસનું કામ ગણતા. સોક્રેટીસને આ ન ગમતું એથેન્સવાસી જાતમહેનત માટે અનાદર બતાવે તો તે અકળાતો કહેતો કે માણસે પોતાની આવડત કેળવીને પોતાની ફરજ અદા કરવી. અને એ જ ઉત્તમ મનુષ્યની ફરજ છે. જે માણસ કશું જ ન કરે એવા એદીપણાને તે શરમજનક માનતો હતો.

**અથવા**

Ans.12) નારાયણ હેમચંદ્ર ગુણોના ભંડાર હતા તો સાથે સાથે નિખાસલ અને સાદગી ધરાવતા હતા. એટલા મોટા માણસ છતાં બાહય ટાપટીપમાં માનતા ન હતા. તેમની સાદગી તેમના પોશાકમાં દેખાય છે. તેમનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન પહેર્યું હતું. ઉપર ચોળાઈ ગયેલો ,કાંઠલે મેળો, બદામી રંગનો કોટ, નેકટાઈ કોલર જોવા ન મળે. કપડામાં કોઈ વ્યવસ્થિતતા જોવા ન મળે. એ ગમે ત્યાં જાય. મૅનિંગ જેવાને મળવા જાય તો પણ તેઓ તો જેવા હતા તેવા જ જાય છે. અરે એક વખત તો ધોતિયું પહેરણ પહેરી અમેરિકા ગયા તો ત્યાં તેમને અસભ્ય પોશાક પહેરવા બદલ પકડીને સજા પણ કરવામાં આવી. આમ, ગમે તેવી પરિસ્થિતિ હોય પણ તેઓ પોતાના પહેરવેશથી સ્હેજપણ નાનમ ન અનુભવતા.

અરે ભાષા ન આવડે તો શીખવા પ્રયત્ન પણ કરતાં એમાં સહેજપણ નાનમ ન અનુભવતાં ગાંધીજી પાસેથી અંગ્રેજી ભાષા શીખ્યા, ફ્રાન્સ જઈને ફ્રેન્ચ ભાષા શીખ્યા. આમ, કોઈ ભાષા કે વિષય વસ્તુનું પોતાનું અજ્ઞાન જાહેરમાં કબૂલવામાં શરમ કે નાનમ ન લાગતી.

**(09)**

Ans.13) બિસ્મિલ્લાખાંનું ચિત્ત ભણવામાંથી ઊઠી ગયું હતું. પણ મામાની ધાકને કારણે રોજ સમયસર શાળાએ જવું પડતું એટલે દફતર લઈ ગામ બહાર ભટકવા ઊપડી જતાને શાળા છૂટે ત્યારે ઘેર આવતા. એમાં એક દિવસ એક છોકરો ઘણા દિવસની તેમની ગેરહાજરીનું કારણ પૂછવા આવ્યો ત્યારે તેમની ચોરી પકડાઈ અને તેથી મામાએ તેમને ખૂબ માર માર્યો.

Ans.14) સુંદર કુસુમને શોધતી હતી તેમાં તેણે જોયું કે એક હાંલ્લામાં કંઈક રાંધવા બેઠેલી કુસુમની પીઠ માણસને એક જાડો સાલ્લો પહેરેલો તેથી ઓળખાઈ નહિ, તેનો આવેશ જોઈ સુંદર સ્તબ્ધ થઈ ગઈ. છાંતીએ હાથ મૂકી, કાકી ભત્રીજીનો આ ચિત્રવેશ જોઈ રહી.

Ans.15) રાજારાણીથી બોલાઈ ગયું કે, આના કરતાં તો જુવાની નહિ હોય તે સારું. ને તરત જ પેલા સિદ્ધપુરુષના કહેવા પ્રમાણે થયું. ચિરાયુના રેશમી વસ્ત્રમાં કાણું પડયું ને કાણું પડતાંની સાથે જ રાજકુમાર એકા એક ફેરવાઈ ગયો. એના શરીર પરની ચામડી ઝૂલી પડી, એના શરીરે પુરું દૂઝતાં ધારાં ઊભરાઈ ઊઠયાં એન જોઈને લોકો મોં ફેરવી લઈને નાસવા લાગ્યાં. ચિરાયું તો પડતો આથડતો રાજારાણી પાસે આવ્યોને કરગરી પડયો ' મને બચાવો, મને બચાવો '

**અથવા**

Ans.15) બાંધી દડીનો બેઠા ઘાટનો એમનો ભરાવદાર દેહ, ફૂલેલા પોપચાં નીચે ભાવઝરતી ચશ્માં વિહોણી સાચુકલી આંખો. ઘડ સાથે જડી દીધું હોય એવું ડોકુ ને ગોળમટોળ મોં. જાડા ધોતિયા પર લાલ કોટના ખભે ત્રણ તારા પાસેનો 'એસ' નો માર્કો એમને સાલ્વેશન કરતાંય 'સાબદા' રહેવાનો ભાવ વધારે વ્યકત કરતો.

**(06)**

Ans.16) સોક્રેટીસનું જીવનસૂત્ર હતું કે બીજા સૌ ખાવા માટે જીવે છે. જયારે સોક્રટીસ જીવવા માટે ખાતા હતા. તેઓ મિતાહારી હતા.

Ans.17) લેખક નાના હતા ત્યારે તેમના નાનાજીએ લખેલું વીર અભિમન્યું પરનું ભાષણ એમણે ચાર–પાંચ મિનિટમાં ફટાફટ બોલી બતાવ્યું અને છેલ્લે ભૂલી જતા તરત જ સમયસૂચકતા વાપરીને ' છોડો મારો દૂધ પીવાનો સમય થઈ ગયો છે ''. એમ કહીને શ્રોતાઓના ચક્રવ્યૂહમાંથી તેમણે છૂટકારો કરી લીધો. પણ તેમની આ મજાક અને લાડ લાંબો સમય ચાલ્યા અન લેખક લોકપ્રિય બન્યા.

**અથવા**

Ans.17) રાજીમા દીકરાને લખે છે કે ભોમકાની માયા મારાથી મુકાતી નથી પણ તમે સહકુટુંબ વહેલા આંટો મારી જજો.ત્યારે દીકરો પ્રત્યુત્તર આપતા કહે છે કે અમારે નોકરીમાં રજા જમે નથી. આવીએ તો છોકરાનું ભણતર ભાંગે, તમારી વહુની તબિયત ઠીક ઠીક રહયાં કરે છે. હાલ તો નહી અવાય પૈસા મેલ્યા છે. હવે ઢોરાં વેચીને નિરાંતે રહો ઘણું વેઠયું ભજનભાવ કરો અને તબિયત સાચવજો.

Ans.18) જમનાએ અખા પર અવિશ્વાસ રાખી ચોકસીને ત્યાં કિંમત કરાવવા કંઠી કપાવી હતી.

**અથવા**

Ans.18) મહીજીએ કેડે તલવાર બાંધવી, ખભે તીરકામઠું ભરાવવું અને હાથમાં ધારિયું ઝાલવું એ ત્રણેય કળા દીકરાને આપવા માંડી હતી.

**(02)**

Ans.19) સ્મરણકથા

Ans.20) જળનગરી વેનિસ

Ans.21) ઈશ્વર પેટલીકર

Ans.22) સત્યવીર સોક્રેટીસ

**(06)**

**(વિભાગ – C )**

Ans.23) સૂર પ્રત્યેનું મારું ખેંચાણ ઠેઠ બાળપણથી જ રહયું છે.

Ans.24) માનવમાત્રને માયાનાં બંધન છે.

Ans.25) જીવનની યાત્રા અને યાત્રાનું જીવન બંને તેણે માણ્યાં છે.

Ans.26) ઉનાળામાં એમણે તેલનાં બે ખાલી ડબ્બા ખરીદી એમાં કાવડ બનાવેલું.

Ans.27) સોક્રેટીસ દુનિયાનો એક અતિ મહાન પુરુષ ગણાતો હતો.

Ans.28) ચંદ્રના અજવાળામાં તલવાર ઝાંખુ હરખી રહી.

**(03)**

Ans.29) સીચાયેલું અબ નીરખવું મોઢું કયા માવડીનું ?

Ans.30) ' હેં ! ત્રણ દિવસથી ખાય છે ? દીકરી, ગજબ કર્યો ! '

Ans.31) હીરનો બાંધ્યો હાથ, મુંજા વાલમજી.

**(03)**

Ans.32) થોડાંક ઝાડ થાય તો આ પાદરમાં છાંયો થાય અને ગામનાં છોકરાં ફળ ખાય.

Ans.33) એમના ઘરમાં મોટેરું કદી ના ફરકે, પણ અમને છોકરાંવને ચોવીસ ઘડી છૂટ.

Ans.34) ખેડૂત હોય તો સારી ખેતી કરે.

Ans.35) નીતાએ માથું ટેબલ પર ઢાળી દીધું, આંખો મીચી દીધી.

Ans.36) તમારા પેટમાં  પાપ નથી પણ આપણા લોકો અદેખાઈમાં પૂરા છે. **(01)**

Ans.37) હવે જો તમે શરણે નહિ આપો તો શત્રુઓને રાજી થવાનો અને ચેષ્ટા કરવાનો વારો આવશે. **(02)**

Ans.38) રાવણ પણ રોજ વનવાસે જવા નીકળતો હોય તેમ નીકળ્યો.

Ans.39) માણેક મુનીમના મોં માંથી કંઈ જવાબ ન નીકળ્યો.

**(03)**

Ans.40) શિક્ષણનો અર્થ પુસ્તકનું જ્ઞાન નથી અને અક્ષરજ્ઞાન પણ નથી, એ તો જીવવાની કળા છે.

Ans.41) By giving education  to women we can make our home like heaven.

Ans.42) ऐक राष्ट्र ऐक प्राण, मेरा भारत देश महान !

Ans.43) પૃથ્વીની હકૂમત મળ્યા પછી કવિનો પહેલો વટહુકમ એ હશેકે આ જ ક્ષણથી મારી પ્રજા, પંખી, મનુષ્ય,પશુ તેમજ કીટાણુઓને જીવવાનો અધિકાર છે. અન્યને હણવાનો કોઈને જ અધિકાર નથી.

Ans.44) કવિના વટહુકમથી મનુષ્યો, પશુ–પંખીઓ વગેરે શહેરોમાં, જંગલની ઝાડીઓમાં, પર્વતની ગુફાઓમાં અને ભૂમિની ભીતર – આમ સર્વત્ર હળીમળીને , શાંતિથી અને આનંદથી રહેશે. કશીય ચિંતા કે ફરિયાદ કરવા નહિ હોય.

Ans.45) કવિ બીજા ગ્રહો સાથે મૈત્રીના કરારો અને પ્રિતીનું આક્રમણ કરવા ઈચ્છે છે.

Ans.46) કવિના મતે સ્વનિયમન અપનાવ્યા બાદ લોકોને કોઈ રાજા કે હકૂમતની જરૂર જ નહિ રહે.

Ans.47) પૃથ્વીની હકૂમત / વિશ્વશાંતિ

Ans.48) લેખકને ભારત દેશ તથા ભારતની પ્રજા અત્યંત પ્રિય છે.

Ans.49) માતૃભૂમિને અને દેશવાસીઓને તો ભાવ અને પ્રેમપૂર્વક વંદન કરવાના હોય.

Ans.50) પોતાની બીમાર માતાનું યોગ્ય ડોકટર પાસે સાચું નિદાન કરાવવું અને તેની સાચી દવા કરાવવી એ સાચી સમજણભરી માતૃભકિત છે.

Ans.51) પોતાન દેશની પ્રજા યોગ્ય શ્રધ્ધાં અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવે એ લેખકની પરમેશ્વરની હાર્દિક પાર્થના છે.

Ans.52) માતૃભૂમિ પ્રત્યેનું કર્તવ્ય

Ans.53) આ પ્રકિતઓમાં કવિએ આપણા સમાજમાં રહેલી આર્થિક અસમાનતાનું દર્શન કરાવ્યું છે. ગરીબોની ઝૂંપડીમાં તેલનું ટીપું પણ જોવા મળતું નથી, જયારે શ્રીમંતોની કબરો પર ઘી ના દીવા કરવામાં આવે છે.

પરાપૂર્વથી અમીરો અને ગરીબો વચ્ચે આર્થિક અસમાનતા ચાલી આવે છે. ઝૂંપડામાં વસતાં દીન દુ:ખિયાંને અન્ન અને વસ્ત્રો જેવી જીવનની પ્રાથમિક જરૂરિયાતો પણ મળતી નથી. તેમના ઘરમાં ઘી તો શું તેલનું ટીપું પણ જોવા મળતું નથી, જયારે શ્રીમંતોની કબરો પર તેમની પ્રતિષ્ઠાનું પ્રદર્શન કરવા માટે તેલને બદલે મોંઘા ઘી ના દીવા પ્રગટાવવામાં આવે છે. શ્રીમંતો પોતાના ભોગવિલાસની પાછળ જે લખલૂટ રકમ ખર્ચે છે, તેનો થોડોક ભાગ પણ જો ગરીબોના કલ્યાણ માટે વપરાય તો ગરીબોનો પેટનો ખાડો પુરાઈ શકે.

શ્રીમંતો તેમજી ખરેખરી જરૂરિયાત જેટલી સામગ્રીનો ઉપયોગ કરે અને બાકીની સંપત્તિ પરોપકારમાં વાપરે તો જ દેશની ગરીબી દૂર થાય.

**અથવા**

Ans.53) પ્રસ્તુત પંકિતઓમાં આળસની આડઅસર વિશે વાત કરે છે. આ જગતમાં કામ કરનાર વ્યકિત જ આગળ આવે છે. જે માણસ કામ કરતો નથી અને આખો દિવસ બેસી રહે છે એ વ્યકિત જાણે કે પોતાની કબર જાતે જ ખોદે છે. કામ ન કરીને આખો દિવસ બેસી રહેવાથી પ્રથમ ગેરફાયદો એ થાય છે કે માણસ બેઠાં બેઠાં પોતાનાં કપડાં ઘસે છે. એટલે કે એ કામ કરે કે ન કરે પણ તેમાં કપડાં તો જરૂર ઘસાય છે. બીજું આળસ રાખીને સતત બેસી રહેનાર વ્યકિતને જરૂરીયાત તો બધી રહે જ માટે તેને આવક ન મળવાથી દેવું કરવું પડે છે અને ત્રીજું કે આળસુની જેમ પડી રહેનાર વ્યકિત ઘરની બહાર નીકળતો નથી માટે તેને કોઈ ઓળખતું નથી. આમ જે લોકો કંઈ જ કામ નથી કરતા અને આખો દિવસ આળસુ બનીને બેસી રહે છે એ વ્યકિત જીવનમાં કંઈ જ પ્રાપ્ત કરતી નથી. માણસની આળસ એના વિકાસને ખતમ કરી નાખે છે. એકવાર જો તમારા શરીરમાં આળસ પ્રવેશી ગઈ તો પછી તમે એને કોઈ કાળે બહાર કાઢી શકશો નહિ, માટે હંમેશા પોતાનો એક ચોકકસ ધ્યેય રાખી માણસે તે ધ્યેય મેળવવા માટે મંડયા રહેવું જોઈએ. બેસી રહેવું જોઈએ નહિ. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી પણ આળસને માણસનો મોટામાં મોટો દુર્ગુણ માનતા હતા.

આમ માણસે જીવનમાં કયારેય કોઈ પણ કાર્ય કરવામાં આળસ કરવી જોઈએ નહિ. જે કામ કાલે કરવાના હોય તે આજે કરો અને જે કામ આજે કરવાના હોય તે અત્યારે જ કરો. જો તમે આજનું કામ કાલ ઉપર છોડશો તો કાલ કયારેય થવાની નથી અને તમારું કામ કયારેય થવાનું નથી. માટે આળસ કરીને આપણે જાતે જ આપણી જાતે જ આપણી કબર ખોદવી જોઈએ નહી.

**(05)**

## (વિભાગ – E )

Ans.54) અહેવાલ લેખન

તા.૧૨/૦૧/૨૦૧૯

સ્થળ : આણંદ

અમારી શાળા આદર્શ વિદ્યાલયમાં તા.૧૨/૧/૧૯ ના રોજ શિયાળુ રમતોત્સવની ઉજવણી કરવામાં આવી. આ રમતોત્સવમાં આણંદ તાલુકાની 15 શાળાઓના વિદ્યાર્થી ભાઈ–બહનોએ ભાગ લીધો હતો.

રમતોત્સવનો પ્રારંભ શાળાની બાળાઓએ પ્રાર્થના ધ્વારા કર્યો હતો. જીવનમાં રમતોનું મહત્વ શું છે તે સમજાવ્યું. ત્યારબાદ શાળાનાં શિક્ષકશ્રીઓને જુદી જુદી રમતોના ભાગ પાડીને તેમને કાર્યભાર સોંપવામાં આવ્યો. સવારે 8.00 કલાકે આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

રમતોત્સવમાં ખો–ખો, વોલીબોલ , કબડી, દોડ, લાંબીકૂદ, ગોળાફેંક , કોથળા દોડ, લીબું ચમચી વેગેરે જેવી અનેક રમતોમાં સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તાલુકાઓની 15 શાળાઓમાંથી તેમના બાળકો સાથે તેમના વ્યાયામ શિક્ષક પણ આવેલા. આ તમામે કોઈ પણ પ્રકારના પક્ષપાત વગર હળીમળીને પોતાને સોંપાયેલાં નિર્ણાયક તરીકેની જવાબદારી ઈમાનદારી પૂર્વક નિભાવી હતી.

આ કાર્યક્રમનું આયોજન ૩ દિવસ પૂરતું કરવામાં આવ્યું હતું. ત્રીજા દિવસે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું અને જે બાળકો વિજેતા થયા હતા તેમને ઈનામ તથા પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યાં હતા. ભાગ લીધેલ સર્વ બાળકોને પ્રમાપપત્ર આપવામાં આવ્યા હતા. બધા બાળકો ખુશ ખુશ થઈ ગયા હતા. અને આ રીતે સંપૂર્ણ કાર્યક્રમ સફળ રીતે અને આનંદમય પૂર્ણ થયો હતો.

Ans.55) શીર્ષક : ત્રણ પ્રકારનાં પાગલપણાં

શ્રી અરવિંદના અહીયા ત્રણ પ્રકારનાં પાગલપણાં દર્શાવ્યાં છે. પરમાત્માએ જે કંઈ આપ્યું છે તેનો પોતાના માટે ખપ પૂરતો ઉપયોગ કરો અને બાકીનો વધે તે ભગવાનને સોંપી દેવો જોઈએ. ઈશ્વરનો કોઈ પણ ભોગે સાક્ષાત્કાર કરવો અને તેની ભકિત કરવી. તેઓ માને છે કે પોતાના જ્ઞાનનો ઉપયોગ દેશને માટે કરવો.

Ans.56) નિબંધ લેખન – આપેલ મુદ્દાઓને આધારિત ભાષાશુધ્ધિ પ્રમાણે લખાણ હોવુ જરૂરી છે. વ્યાકરણની દષ્ટિ એ ભૂલ રહિત લખાણ મુજબ ગુણ રહેશે.